R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 31 DATE: 03-08-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દેશભરમાં ચોમાસુ જામ્યું : ૨૧ રાજ્યોમાં વરસાદ અને બિહાર-આસામમાં વરસાદે સર્જેલી તારાજીમાં ૨૧૪ના મોત

દેશભરમાં ચોમાસુ જામ્યુ અને ક્યાંક ભારે વરસાદ ક્યાંક ઓછો વરસાદ, નદી નાળાં છલકાયાં અને પુર જેવી સ્થિતિને કારણે અનેક લોકો બેઘર બન્યા તો બિહાર અને આસામ જેવા પ્રદેશોમાં વરસાદે સર્જેલી તારાજીને કારણે ૨૧૪ જેટલા લોકોના મોત થયા છે.કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ તો કેટલાક રાજ્યોમાં હળવો વરસાદ થયો છે. મહારાષ્ટ્ર,રાજસ્થાન,બિહાર, છત્તીસગઢ, આસામ,યુપી અને જમ્મુ કાશ્મીરમાં વરસાદ થયો છે.

પુર્વી અને કેન્દ્રીય વિષુવવર્તીય પ્રશાંત મહાસાગરની સપાટીના તાપમાનમાં અનિયમિતતાને કારણે પેદા થયેલી અસરને અલનિનો કહેવાય છે.જે ભારતીય ચોમાસાને નબળી પાડે છે. અલનિનોને કારણેજ ૩૩ ટકા વરસાદની ઘટ પડી છે.ભારે વરસાદ અને પુરના કારણે આસામના ૩૧ જિલ્લાઓમાં ૫૭ લાખ લોકો પ્રભાવિત થયા છે.અને અનેક લોકો મોતને ભેટ્યા છે.જમ્મુ-કાશ્મીરમાં ચટ્ટાનો તુટી પડવાથી પથ્થરોનો વરસાદ થયો છે. ગુજરાત, ગોવા,મહારાષ્ટ્ર રાજસ્થાન અને છત્તીસગઢમાં ભારે વરસાદને કારણે પુરની સ્થિતિ સર્જાઇ છે.

ગુજરાતમાં સવત્ર વરસાદ થયો છે પરંતુ કેટલાક વિસ્તારોમાં અતિ ભારે વરસાદને કારણે પરિસ્થિતિ બગડી છે. સરકારે ભારે વરસાદની આગાહીને આધારે તંત્રને સજાગ રાખ્યું છે જેના કારણે ભારે નુકશાન થયાના કોઈ અહેવાલો પ્રાપ્ત થયા નથી. જો કે વડોદરા જેવા શહેરો માં થોડાક સમયમા અતિ વરસાદને કારણે સમગ્ર વિસ્તારો જળબંબાકાર બની ગયા છે. અને અનેક વિસ્તારો એકબીજાથી છુટા પડી ગયા છે. વડોદરા સ્ટેશનથી જતી આવતી ટ્રેનો રદ કરવામાં આવી છે.એજ રીતે દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદને કારણે લોકો જેઓ નિચાણવાળા વિસ્તારોમાં વસે છે તેમની સ્થિતિમાં મુશ્કેલીઓ સર્જાઇ છે.જો કે સરકારે અસરકારક પગલાં લેવાથી લોકોને રાહત પહોચાડી શકાઇ છે.

## પશુપાલકો-માછીમારોને હવે ખેડુતની માફક ૩ લાખ સુધીની વ્યાજ મુક્ત લોનનો લાભ અપાશે : કેન્દ્રીય કૃષિ મંત્રી રુપાલાને સોમનાથમાં કરેલી જાહેરાત

સોમનાથ ખાતે ગૌસેવા સંવર્ધન કાર્યક્રમમાં બોલતાં કૃષિ રાજ્યમંત્રી પરસોત્તમ રુપાલાએ એવી જાહેરાત કરી છે કે અત્યાર સુધી ખેડુતોને ૩ લાખ સુધીની વગર વ્યાજની લોનનો લાભ અપાતો હતો.હવે કેન્દ્ર સરકારે ખેડુતની વ્યાખ્યા વિસ્તારીને સાગર ખેડુઓ યાને માછીમારોને તથા પશુપાલકોને પણ ખેડુત ગણ્યા છે.એટલે કે ત્રણ લાખ સુધી વગર વ્યાજની લોનનો લાભ હવે પશુપાલકો અને માછીમારોને પણ મળશે.

રાજ્યમાં ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો હોઈ કચ્છથી માંડીને વલસાડ સુધી દરિયાકાંઠો માછીમારોની મોટી સંખ્યા છે. એવી જ રીતે રાજ્યમાં ડેરી ઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો હોઈ પશુપાલકોની સંખ્યા પણ મોટા પ્રમાણમાં છે. તેથી કેન્દ્ર સરકાર દ્વારા પશુપાલકોઅને માછીમારોને ખેડુત ગણી ત્રણ લાખની લોનમાં વ્યાજ સબસીડી આપવાનો નિર્ણય રાજ્યના આ બંને વર્ગને ઉપકારક નીવડશે.ઘણા સમયથી પશુપાલકોને તથા માછીમારોને ખેડુતની સમકક્ષ ગણી લાભો આપવાની માંગ થતી હતી. કારણ કે એમને સબસીડીવાળી લોન સહાય જોઈતી હતી. પરંતુ એમની માંગણી અત્યાર સુધી નકારવામાં આવતી હતી. હવે જ્યારે કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી પરસોત્તમ રુપાલાએ પશુપાલકો અને માછીમારોને ત્રણ લાખ સુધીની લોન વ્યાજમુક્ત આપવાની જાહેરાત કરી છે ત્યારે આ બંને સમાજોને મોટો ફાયદો થશે.હવે ખેડુતોની વ્યાખ્યામાં પશુપાલકો-માછીમારોને આવરી લેવામાં આવ્યા છે.



## લોહપુરુષ સરદાર પટેલ સ્મારકની રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે મુલાકાત લઇ શ્રધ્ધાંજલિ આપી

રાજ્યના નવનિયુક્ત મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે શાહીબાગ ખાતે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારકની મુલાકાત લઈને સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી પુષ્પ અર્પણ કરી હૃદયાજંલી અર્પી હતી.સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલયની મુલાકાત લઈ પ્રભાવિત થયેલા રાજ્યપાલશ્રીએ કહ્યુ કે સરદાર પટેલનું લોહપુરુષ વ્યક્તિત્વ હતું. તેમણે ૫૬૨ અલગ રજવાડાઓને એકત્રિત કરવાનું મહાન કાર્ય કરી અખંડ દેશનું નિર્માણ કર્યુ છે. જેમણે અદમ્ય શક્તિઓ અને સાહસ દ્વારા ભાગલા થયેલા ભારતને એકતાના સુત્રમાં બાધવાનો એક અખંડ પ્રયાસ કર્યો. તેમણે દેશની આઝાદી માટે જે કઠોર સંઘર્ષ કર્યો છે દેશ માટે પોતાનું જીવન ન્યોછાવર કર્યું છે એવા આ મહાન વ્યક્તિત્વ તમામ માટે પ્રેરણા સ્રોત્ર બની રહેશે.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે એકતા અને અખંડિતતાના નિર્માણ મહાન વ્યક્તિને હું નમન કરુ છું. (ગુ.મા.બ્યુ.)

## કાશ્મીરમાં વધારાના સૈનિકો તહેનાત કરવાના કેન્દ્રના નિર્ણયથી અજંપો છવાયો :૩૫એ કલમ રદ કરવાની આશંકાએ રાજકીય તનાવ ઉગ્ર :કાશ્મીરની સમસ્યા રાજકીય છે તેને લશ્કરથી નહી ઉકેલાય :મહેબુબા મુફ્તિ

જમ્મુ -કાશ્મીરમાં સરકાર આતંકવાદ સામેની લડાઈ નિર્ણાયક તબક્કામાં લડવા માટે સજ્જ બની છે. જમ્મુ-કાશ્મીરને વિશેષાધિકાર આપતી કલમ ૩૫એ રદ કરવા કેન્દ્ર સરકારે હિલચાલ શરુ કરતાં રાજકીય પક્ષોમાં ખળભળાટ મચ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં પ્રજામાં અજંપો અને ઉગ્રતા પ્રસરેલી છે.આવા સંજોગોમાં કાશ્મીરના રાજકીય પક્ષ પીડીપીના વડા અને પુર્વ મુખ્યમંત્રીશ્રી મહેબુબા મુફ્તિએ કલમ ૩૫એ ને રદ કરવાના મામલે ધમકીભર્યુ અને ઉશ્કેરણીજનક નિવેદન કર્યુ છે. તેમણે એક સભામાં કહ્યુ કે કલમ ૩૫એ સામે આંગળી ઉઠાવનારના હાથ જ નહીં શરીર સળગીને ભશ્મ થઈ જશે. કલમ ૩૫એ સાથે છેડછાડ આગ અને દારુગોળા સાથે રમવા સમાન છે.

વાસ્તવમાં કેન્દ્ર દ્રારા કાશ્મીરમાં સૈનિકોની વધુ ૧૦૦ ટુકડીઓ તહેનાત કરવામાં આવી તે નિર્ણયનો પીડીપી અને નેશનલ કોન્ફરન્સે વિરોધ કર્યો છે.કેન્દ્ર સરકારને કાશ્મીરમાં મોટા આતંકી હુમલાની બાતમી મળ્યા પછી ત્યાં વધુ સૈનિકો તહેનાત કરાયા છે.સરકારની ગતિવિધિઓ અને પ્રયાસો અટકાવનારા લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને સંભવિત તેઓની ધરપકડ થઈ શકે છે. આ યાદીમાં કેટલાક અલગતાવાદીઓ અને નેતાઓના નામ પણ સામેલ છે.કલમ રદ કર્યા પછી સ્થિતિનો સામનો કરવા હાથ ધરવામાં આવનાર ઓપરેશનને નામ પણ અપાઈ ચુક્યું છે.મહેબુબાએ કહ્યુ હતું કે કાશ્મીર એ એક રાજકીય સમસ્યા છે. અને તેને સૈન્ય દ્વારા કે લશ્કરી પગલાંથી ઉકેલી શકાય નહીં.કેન્દ્ર સરકારે તેની કાશ્મીર નીતિની ફરી સમીક્ષા કરીને તેને યોગ્ય બનાવવી જોઈએ. તેમણે ટ્વિટ કર્યુ હતું કે વધારાના દસ હજાર સૈનિકોને કાશ્મીરમાં તહેનાત કરવાની લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. આ લોકોને ડરાવવાની સરકારની નીતિ છે.કાશ્મીરમાં કલમ ૩૫એ દ્વારા સ્થાનિક લોકોને સંપુર્ણ નાગરિકતા મળે છે. કલમ ૩૫એ એ કલમ ૩૭૦નો એક ભાગ છે. જેના દ્વારા કાશ્મીર સરકાર રાજ્યના લોકોને સંપુર્ણ નાગરિકતાનો વિશેષાધિકાર આપે છે. રાજ્ય બહારની કોઈપણ વ્યક્તિ કાશ્મીરમં કોઈ પ્રકારની સંપત્તિ કે જમીન ખરીદી શકતી નથી. અહીની મહિલા સાથે લગ્ન કરીને તેની સંપત્તિ પર હક્ક મેળવી શકાતો નથી.આ કલમ અંગે ઘણા સમયથી વિવાદ ચાલે છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મુસ્લીમ મહિલાઓને ત્રણ તલાક આપનારને ગુનેગાર સાબિત કરતો કાયદો બનાવવાની સરકારની નેમ પુરી થઈ ગઈ છે.વિપક્ષોની ગેરહાજરીમાં સરકારે બાજી મારી લીધી છે અને મુસ્લીમોના હમદર્દ હોવાનું શ્રેય લઈ લીધું છે. સમાજના મોટા ભાગના લોકો એટલે કે મહિલાઓમાં આ બાબતે અંદરખાને રાજીપો છે. કારણકે કાયદાના ઓછા હેઠળ હવે તેમને બળ મળશે અને મુસ્લીમ પુરુષોની મહિલાઓ પરની જબરજસ્તીમાં ઘટાડો થશે.મુસ્લીમ મહિલાઓને બીજી પત્ની કરવાનો ડર બતાવીને તેમજ તલાકની બીક બતાવીને જે પુરુષ વર્ગનો પ્રભાવ હતો તેને નાબુદ કરવામાં સરકાર સફળ થઈ છે. જો કે ખરેખર તેમને મુસ્લીમો તરફી હમદર્દી છે તે કહેવું ઉતાવળીયું કહેવાશે. કારણકે મુસ્લીમો માત્ર કોંગ્રેસની મતબેંક છે તેમાં ગાબડુ પાડવા માટેનું આ નિશાન બીજેપીને ફાયદો તો કરશે જ.આ એક રીતે તેમના ધર્મમાં ચંચુપાત કરવાનો કીમીયો આબાદ રીતે હાવી થઈ ગયો છે.મુસ્લીમ નેતાઓની નારાજગી ત્રણ તલાકને કાયદો બનતા રોકી શકી નથી.સંસદમાં કેટલાક મુસ્લીમ સાંસદોએ આ બાબતે ભારે રજુઆતો કરી હતી પરંતુ તેમની કોઈ કારી આ ખરડાને રોકવા માટે ફાવી નહોતી. આખરે રાષ્ટ્રપતિએ કાયદો કરવાની મંજુરી આપી દીધી છે.

## મંતવ્ય

દેશમાં કટ્ટરતાવાદી વિચારધારા ઝડપથી પ્રસરી રહી છે.યુપી અને ઉત્તરભારતના કેટલાક રાજ્યોમાં તેની અસરો દેખાઈ રહી છે. મોબ લીચીંગના કેટલાક બનાવો આ બાબતની જાણકારી આપે છે. તાજેતરમાં ઝોમટો ફુડ ડીલીવરી કરવાની ઘટનામાં એક મુસ્લીમ યુવક જે ડીલીવરી કરવા ગયો હતો તેની પાસેથી ભોજનની ડીલીવરી લેવાની ના પાડી ઓર્ડર કેન્સલ કરવામાં આવ્યો હતો.આઝાદી આવ્યાના સાત દાયકા બાદ આપણે બિનસાંપ્રદાયિકતાનો અમલ કરી શક્યા નથી. ગાંધીજીએ અસ્પૃશ્યતા નાબુદ કરવા માટે જે પ્રયત્નો કર્યા તેના કારણે દલિતો સાથેના વ્યવહારમાં સુધારો આવ્યો છે. પરંતુ આ સીત્તેર વર્ષના ગાળામાં કટ્ટરવાદી વિચારધારા વધુ મજબુત બની છે.જો કે ઝોમટોએ ટ્વિટર પર લખ્યુ છે કે ભોજનનો કોઈ ધર્મ હોતો નથી . ભોજન પોતાની રીતે એક ધર્મ છે.તેમણે એમ પણ કહ્યુ કે આવા ગ્રાહકો અમને છોડી જવા માંગતા હોય તો ભલે જાય. ઝોમટોના માલિક હિંદુ છે અને તેમની સોચ વ્યાજબી છે.પરંતુ રાજ્યસત્તા પર બેઠેલા સત્તાધીશોમાં પણ કેટલાકની સોચ આવા લોકોની સાથે મેળ ખાતી હોવાથી તેમને શરણ મળે છે પરિણામે આવી સ્થિતિનું નિર્માણ થાય છે.બીજી બાજુ અમેઠીની બાજુમાં એક મુસ્લીમ લશ્કરી અધિકારી અને તેમની પત્ની પર ટોળા દ્વારા હુમલો કરીને મોત નિપજાવવામાં આવ્યું.મુસ્લીમ અધિકારીએ દેશની કેટલા બધા વર્ષો સેવા કરી તે બધી જ આવા કટ્ટરવાદીઓના કારણે પાણીમાં બેસી ગઈ. કોણ સમજાવશે ? આ ઘટના ક્રમ ક્યારે અટકશે.માત્ર ભાષણો કરવાની નહીં અટકે. બકુલ એ. પટેલ


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




# ભોગાવો નદીમાં ૧૨૭ મીલીયન ક્યુબીક ફીટ વરસાદી પાણીનો સંગ્રહ થતાં ૧૦ જેટલા ગામોની ૧૧ હજાર એકર જમીનને સિંચાઇનો પરોક્ષ લાભ મળશે

આડબંધ દ્વારા વરસાદી પાણીના સંગ્રહથી ભોળાદ પાસે વહેતી ભોગાવો નદી પુનર્જીવીત કરાઈ.આડબંધના કારણે દરિયાની ભરતીના પાણીથી નદીમાં ફેલાઈ જતી દરિયાઈ ખારાશ હવે અટકતાં ભુગર્ભ જળ પણ મીઠા થશે અને જમીન નવસાધ્યબનશે. સુકી ભઠ્ઠ વેરાન નદીમાં જો એક સરસ મજાનો આડબંધ બંધાઈ જાય અને ઉપરવાસમાં માત્ર ત્રણ ઈંચ જેટલો વરસાદ થયા તો સુકી નદી જળ સંચયના પરિણામે કેવી પુર્નજીવીત થઈ જા. તેનું આ સરસ મજાનું ઉદાહરણ ધોળકા તાલુકાના ભોળાદ સહિત અન્ય દસેક ગામો પાસે વહેતી લીંબડી-વઢવાણ ભોગાવો નદી છે. જુન મહિનાના છેલ્લા અઠવાડિયામા સુરેન્દ્રનગર જીલ્લામાં ચોટીલા તથા રાજકોટ જિલ્લાની આસપાસના વિસ્તારોમાં પડેલા વરસાદને કારણે અને ભોળાદ ખાતે સિંચાઈ વિભાગ દ્વારા ૩૦૦ મીટર લંબાઈનો આડબંધ બંધાવાને કારણે સુકી ભોગાવો નદી જાણે કે પુનર્જીવીત થવા પામી છે. માત્ર ભોળાદ જ નહી પરંતુ અન્ય ગામો પાસેથી વહેતી આ ભોગાવો નદી અંદાજે ૨૦ કીમી. જેટલા વિસ્તારમાં આજે પણ બે કાંઠે વહેતી જોવા મળે છે.

ભોળાદ પાસેના આડબંધના કારણે નદીના ૨૦ કી.મી. વિસ્તારમાં ૧૨૭ એમ.સી.એફ.ટી. (મીલીયન ક્યુબીક ફીટ) વરસાદી પાણીનો જળસંગ્રહ થયો છે. તેના કારણે ધોળકા તાલુકાના બુરહાનપુર, ભોળાદ, લોલીયા,ધનાળા, રામાણી, ઉટેલીયા,ગુંદી, સરગવાડા, ફેદરા અને પીપળી સહિતના અન્ય ગામોની સીમમાં અંદાજે ૧૧ હજાર એકર જમીનને સિંચાઈનો પરોક્ષ લાભ મળશે. સમુદ્રમાંથી ભરતીના કારણે સર્જાતી ખારાશ અટકશે. અને ખેતીની જમીન નવસાધ્ય બનશે.

ગ્રામજનોના કહેવા પ્રમાણે જ્યારે આ બંધ નહતો ત્યારે વરસાદના દિવસોમાં નદી બે કાંઠે થતી પરંતુ થોડા જ સમયમાં આ બધું જ પાણી ભોળાદ પાસેના દરિયામાં વહી જતું હતું. નવરાત્રી, દિવાળી,પછી માને કેનદીમાં પાણી હોત પરંતુ દરિયાની ભરતીના કારણે દરિયાઈ પાણી આ વિસ્તાર સુધી આવવાના કારણે આ બધુંજ પાણી ખારુ થઈ જવાથી તેનો કોઈ રીતે ઉપયોગ ખેતીમાં થઈ શકતો ન હતો.આથી માત્ર વરસાદી ખેતી જ આ વિસ્તારમાં થતી હતી. પરંતુ હવે વરસાદી પાણીના સંગ્રહને કારણે અને બીજી તરફ આડબંધના કારણે ભરતીના ખારા પાણી નદીમાં પ્રવેશતા અટકવાના કારણે વરસાદી પાણીનો ખાસ કરીને રવી મોસમમાં પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ થઈ શકશે.

આ વિસ્તારમાં મોટે ભાગે નવરાત્રી-દિવાળી પછી ભાલીયા ઘઉંનું વાવેતર થતું હોય છે. હવે પહેલા વરસાદી આધારિત ખેતીના કારણે એકરે દસ-પંદર મણ ઘઉંનો ઉતારો મળતો તે હવે સરેરાસ ૩૦થી ૩૫ મણનો ઉતારો ખેડુતને સહેજે મળશે. કોઈને કપાસ વાવવો હશે તો કપાસનું વાવેતર પણ આગામી વર્ષમાં કરી શકાશે.બાકી ઘઉં અને ચણાનું મબલક ઉત્પાદન ખેડુતો મેળવી શકતા આ સમગ્ર વિસ્તારમાં કૃષિ અર્થતંત્રને વેગ મળશે.પશુપાલનને પણ ખાસ કરીને લીલો ઘાસચારો મળી રહેવાથી પશુઓની દુધ ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો થશે.

આ વિસ્તારના પ્રતિનિધિ અને રાજ્યના વરિષ્ઠ મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમાના પ્રયાસો અને સિંચાઈ વિભાગની સતત જહેતમથી ભોળાદ પાસે ભોગાવો નદી પર આડબંધનું કામ શક્ય બન્યું છે. (ગુ. મા.બ્યુ.)

## બાહુબલિ રોકેટ ચંદ્રયાન -ટુને લઇને ચંદ્રમાની સફરે પ્રયાણ કરશે

ઈસરોએ ચંદ્રયાન ટુને ચંદ્રની યાત્રા પર લઈ જનારા રોકેટ જીએસએલવી માર્ક થ્રીનુ રિહર્સલ પુરુ કરી લીધું છે. બાહુબલિના નામે ચર્ચિત આ રોકેટ હવે સામાન્ય રીતે કામ કરી રહ્યું છે. ચંદ્રયાન ટુને ૨૨ જુલાઈએ શ્રી હરિકોટા ખાતેના લોન્ચપેડ ખાતેથી લોન્ચ કરાશે. આ પહેલાં ૧૫ જુલાઈએ આ કામ થવાનું હતું પરંતુ તેમાં ટેકનીકલ ખામીને કારણે પ્રોગ્રામ મુલતવી રાખવામાં આવ્યો હતો. ઈસરોના પુર્વ વડા એ.એસ.કિરણકુમારે જણાવ્યુ હતું કે ચદ્રયાન ટુના લોન્ચીંગ માટેની તમામ પુર્વ તૈયારીઓ થઈ ગઈ છે અને તે સંપુર્ણપણે તૈયાર છે.રિહર્સલ પુરુ થઈ ગયું છે.


ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ઇરાને જપ્ત કરેલા બ્રિટિશ ઓઇલ ટેન્કરને મુક્ત કરવાનો ઇન્કાર : ભારતીય કપ્તાન અને ૧૭ નાગરિકોને મુક્ત કરવા ભારતની અપીલ

ઈરાને જપ્ત કરેલા બ્રિટિશ ઓઈલ ટેન્કરને મુક્ત કરવાનો ઈન્કાર કરી દેતાં ખાડીમાં સંકટ ઘેરુ બન્યું છે.બ્રિટન,અમેરિકા સાથે હવે નાટો દેશોએ પણ ઈરાનને બ્રિટિશ ઓઈલ ટેન્કર મુક્ત કરી દેવાની ચેતવણી આપી છે. પરંતુ ઈરાને સ્પષ્ટ ક્હ્યુ હતું કે હોર્મુઝની ખાડીમાં બ્રિટીશ ઓઈલ ટેન્કર ઈરાનની એક ફીશીંગ બોટ સાથે ટકરાયું હતું તેના કારણે તેને જપ્ત કરાયું છે. પરંતુ બ્રિટને ઈરાનના આ અકસ્માતના કારણને નકારી કાઢ્યું હતું.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના પ્રવક્તા બ્રિગેડીયર જનરલ રામેઝાન શરીફે જણાવ્યુ હતું કે તહેરાને બ્રિટિશ ઓઈલ ટેન્કરને એસ્કોર્ટ કરી રહેલા બ્રિટિશ યુધ્ધ જહાજના વિરોધ અને હસ્તક્ષેપ છતાં હોર્મુઝની ખાડીમાંથી બ્રિટીશ ઓઈલ ટેન્કરને જપ્ત કરવામાં સફળતા મેળવી હતી.

ઈરાનની ફાર્સ ન્યુઝ એજન્સીએ જણાવ્યુ હતું કે હોર્મુઝની ખાડીમાં ઈરાનની ફીશીંગ બોટ ડિસ્ટ્રેસના કોલ આપી રહી હોવા છતાં તેને અવગણીને બ્રિટિશ ઓઈલ ટેન્કર ઈરાનની ફીશીંગ બોટ સાથે ટકરાયું હતું. તેના કારણે રિવોલ્યુશરી ગાર્ડ સ્ટેના ઈમ્પેરો નામના આ ટેન્કરને કબજામાં લીધું હતું.ટેન્કરને ઈરાનના બંદર અબ્બાસ ખાતે લઈ જવાયું હતું.

બ્રિટિશ ઓઈલ ટેન્કરને ઈરાને જપ્ત કરતાં ખાડીમાં રાજકીય યુધ્ધ ચરમસીમાં પર પહોચ્યું છે. યુધ્ધનો ખતરો મંડરાઈ રહ્યો છે. ટ્રમ્પ શું પગલાં લે છે તેના પર આધાર છે.

# અમદાવાદ જિલ્લામાં ૧૦૨૭ વીજ જોડાણો રાહત દરે આપવામાં આવ્યા

અનુસુચિત જાતિના ગરીબ અને વંચિત પરિવારોના જીવનમાં વિવિધ યોજનાઓ થકી વિકાસરુપી ઉજાસ પાથરવાનો ભગીરથ પ્રયાસ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા રાજ્યમાં અંગભુત યોજના હેઠળ અનુસુચિત જાતિના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવે છે. આ યોજના હેઠળ વીજળીકરણના કામો ગુજરાત ઉર્જા ઉકાસ નિગમની દેખરેખ હેઠળ જે તે વીજ કંપનીઓ દ્વારા હાથ ધરવામાં આવે છે. આ યોજના અંતગર્ત રાહતદરે વીજ જોડાણ આપવામાં આવે છે.

અમદાવાદ જિલ્લામાં તા. ૩૧.૩.૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસુચિત જાતિના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની ખાસ અંગભુત પેટા યોજના(અનુસુચિત જાતિ વિકાસ યોજના) હેઠળ ૧૦૨૭૪ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

વિધાનસભા પ્રશ્નોતરી દરમિયાન પ્રસ્તુત માહીતી મુજબ આ યોજના અંતગર્ત લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનો કુલ રુ.૭૫.૩૦ લાખ ખર્ચ થયેલ છે. આ યોજનાથી અનુસુચિત જાતિના લોકોના ઘરમાં સાચા અર્થમાં વીજળીરુપી ઉજાસ પથરાયો છે.

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



# ૨૦માં કારગિલ વિજય દિવસે અમદાવાદના સેના કેમ્પસમાં શહીદ સ્મારક ખાતે શહીદ વીરોને મુખ્યમંત્રીશ્રીએ શ્રધ્ધાંજલી અર્પણ કરી

(ગુ.મા.બ્યુ)મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણીએ ૨૦માં કારગિલ વિજય દિવસે અમદાવાદમાં સેનાના ગોલ્ડન કટાર ડિવિઝનના સેના મથકે શહીદ સ્મારક ખાતે વીર સેનાનીઓને શ્રધ્ધાંજલી અર્પણ કરી કૃતજ્ઞતા પ્રગટ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ૧૯૯૯ના કારગિલ યુધ્ધના ભવ્ય વિજયને વધાવતાં સ્પષ્ટપણે જણાવ્યુ કે આ વિજય સહિત ભારતે દુશ્મન દેશ સાથેના તમામ યુધ્ધમાં શોર્ય-વીરતા અને પરાક્રમથી વિજય પ્રાપ્ત કર્યો હતો.જેનાથી દેશ આખો ગૌરવાન્વિત છે. મુખ્યમંત્રીશ્રીએ ભારતીય સેનાના વીર જવાનોની શહાદતને નમન કરતાં રાજ્યના સૌ નાગરિક ભાઈ-બહેનોને દેશહિત સર્વોપરીનો ભાવ જગાવીને ‘દેશ માટે જીવવું -દેશ માટે મરવું ‘નો શોર્યસભર કોલ આપ્યો હતો.

શ્રી વિજયભાઈ રુપાણીએ ગુજરાતી યુવાનોને સેનામાં જોડાવા માટે વ્યપકપણે પ્રેરિત થાય તેવું વાતાવરણ નિર્માણ કરવા વધુ પ્રમાણમાં આર્મી ભરતી મેળવા યોજવાની તથા રાજ્યમાં વદુ સૈનિક સ્કુલ શરુ કરવાની પણ નેમ વ્યક્ત કરી હતી.

તેમણે આ સાથે જ ગોલ્ડન કટાર ડીવીઝન યોજિત શસ્ત્ર પ્રદર્શની ખુલ્લી મુકી સેનાના શસ્ત્રોનું નીરીક્ષણ કર્યુ હતું. તેમણે ૪૨૦૦ કી.મી.નો ૮ રાજ્યોનો પ્રવાસ પુર્ણ કરી અમદાવાદ આવેલા આર્મી મોટરસાયકલ એક્સિપડિશનનું સમાપન કરાવતાં વીર સેનાનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત જેવા સીમાવર્તી રાજ્યની દુશ્મન દેશને અડી આવેલી સરહદની નિગેહબાની કરતા અને સમાજજીવનને શાંતિ - સલામતીનો અહેસાસ કરાવતાં સેનાના ગોલ્ડન કટાર ડીવીઝનની સેવાઓ અને સેનાનીઓની ફરજ પરસ્તી-દિલેરીને બિરદાવી હતી.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતા.

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.